જ્ઞાનપંચમી

અને તેનું

ઉદ્યાપન

માવજી [redacted]ામજી શાહ

જ્ઞાનપંચમી અને તેનું ઉદ્યાપન

વકીલ શ્રી. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની

બી. એ. એલ્. એલ્. બી,

એમણે લખેલી પ્રસ્તાવના સહિત,

લેખક,

આવજી દામજી શાહ,

ધર્મશિક્ષક, બાબુ પન્નાલાલ પૂરનચંદ જૈનહાઇસ્કૂલ, મુંબઇ.

પ્રકાશક,

શેઠ મણિલાલ પોપટલાલ સંઘવી,

રાધનપુરી બજાર, ભાવનગર.

વીર સં. ૨૪૫૮ વિ. સ. ૧૯૮૮ સને ૧૯૩૧

મૂલ્ય ૦-૩-૦

પ્રથમાવૃત્તિ નકલ ૧૦૦૦ સને ૧૯૨૪
બીજી આવૃત્તિ નકલ ૧૦૦૦ સને ૧૯૩૧

મુદ્રણસ્થાન:
આદિત્ય મુદ્રણાલય
રાયખડ : અમદાવાદ

મુદ્રક :
ગજાનન વિ. પાઠક

પ્રકાશકને અર્ધા આનાની ટીકીટ મોકલવાથી
પુસ્તક ભેટ તરીકે મોકલવામાં આવે છે.

જ્ઞાનનું મહત્ત્વ સૂચવતાં સૂત્રો

Knowledge is power.

ज्ञानं स्यात् कुमतान्धकारतरणिर्ज्ञानं जगल्लोचनं
ज्ञानं नीतितरङ्गिणीकुलगिरिर्ज्ञानं कषायापहम्
ज्ञानं निर्वृतिवत् समन्त्रममलं ज्ञानं मनः पावनं
ज्ञानं पञ्चविधं यजेहमनिशं स्वर्गापवर्गप्रदम्

ज्ञानमेव परं बलम्.

ऋते ज्ञानान्न मुक्तिः

ज्ञानेन हीनाः पशुभिः समानाः

" જ્ઞાન રહિત ક્રિયા કહી, કાશ કુસુમ ઉપમાન;
લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પરધાન.
જ્ઞાની સાસો સાસમેં, કરે કર્મનો ખેહ;
પૂર્વ કોડિ વરસા લગે, અજ્ઞાને કરે તેહ "

नहि ज्ञानेन सदृशं पवित्र मिह विद्यते.

ઉપોદ્ઘાત

લેખક તરફથી બે બોલ.

જ્ઞાનપંચમી એટલે વિધિપૂર્વક જ્ઞાનનો ઉત્સવ કરવા માટે નિર્ણીત કરેલો ચોક્કસ દિવસ. કોઇપણ વર્ષની કાર્તિક શુકલપંચમી, તે દિવસનું બીજું નામ 'સૌભાગ્ય પંચમી.' પણ જાણીતુંજ છે.

જ્ઞાનપંચમીનો એટલે જ્ઞાનોત્સવનો આ દિવસ—આ પ્રસંગ એક ધાર્મિક પ્રસંગ તરીકે જૈનસંપ્રદાય સિવાય અન્યત્ર શોધ્યો નહિજ જડે, બેશક, એ જૈનધર્મની એક વિશિષ્ટતાજ છે.

જૈનસમાજમાં પ્રાચીન સમયથી માનની નજરે જોવાતો આવેલો આ ધાર્મિક પ્રસંગ આજે પણ ઉજવાય છે. કોઇ એક પ્રસંગ, પછી તે ધાર્મિક હો કિંવા વ્યાવહારિક હો પણ તેને ઉજવવાનો વિધિ તો લગભગ દેશ, કાળ ભાવ અને ક્ષેત્રની પરિસ્થિતિ પરજ આધાર રાખી રહેલો હોય છે.

કોઇપણ ધર્મના કે સમાજના સ્થાપિત વિધિમાં કાળક્રમે વિકૃતાવસ્થા ઉદ્ભવવા પામે અથવા તો તે વિધિ પૂર્વે યથાવત્ પળાતો હોય પણ કેટલાક કાળ પછી 'સાપ ગયા ને લીસોટા રહ્યા' એ જનશ્રુતિ અનુસાર તેના આદર્શ વિસરી જવાતા હોય એમ પણ બને છે, જ્ઞાનપંચમીના વિષયમાં પણ કેટલે અંશે એવું બનતું રહ્યું છે એવો લેખકનો કેટલાક વર્ષનો અનુભવ છે.

પ્રસ્તુત પુસ્તક લખવાનો ખાસ યત્ન તો તેનો [જ્ઞાનપંચમીનો] વાસ્તવિક ઉદ્દેશ સમજાય તેટલા માટેજ છે. જ્ઞાનપૂજાના ઉપાસક જૈન

અને જૈનેતર સ્ત્રી–પુરૂષો આ પુસ્તક જરૂર વાંચશે અને વિચારશે, એટલેથી ન અટકતાં તેનું મનન કરી આચારમાં મૂકવાનો પણ યત્ન કરશે એવી આશા રહે છે.

જ્ઞાનપંચમીના ઉદ્યાપન નિમિત્તે આજે હજારો રૂપીયાનો જે ખર્ચ જ્ઞાનાદિના ઉપકરણો પાછળ કરાય છે તે ન કરતાં જૈનભંડારોમાં નિર્માલ્યવત્ બનતાં ઉત્તમોત્તમ પ્રાચીન ગ્રંથો છપાવી પ્રકટ કરવા પાછળજ કરવાની આજ્ઞા આજના યુગપ્રધાન જૈનાચાર્યો કરે તો તેમાં કેટલું શ્રેય સમાયલું છે: તે બતાવવાનો પણ આ યત્ન છે. લેખકે જ્ઞાનપંચમીનો અને તેના ઉદ્યાપનનો ઉદ્દેશ દૃષ્ટિસમીપ રાખી તે બન્નેના વિધિમાં દેશ કાળ વગેરેને અનુલક્ષીને પ્રકારાન્તરજ બતાવ્યા છે, તે સમગ્ર પુસ્તક વાંચી જનાર કોઇ પણ વાચકને પ્રતીત થયા વગર રહેશે નહિ.

વકીલ શ્રીયુત ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલ્. એલ્. બી. એમણે આ પુસ્તકની પ્રસ્તાવના લખવાના મારા નિમંત્રણનો સ્વીકાર કરી પોતાની અનેકવિધ પ્રવૃત્તિઓમાંથી અવકાશ મેળવી રસિક તેમજ વિદ્વત્તાભરી સંવળાએ લખી મોકલવા બદલ તેઓ સાહેબનો ઉપકૃત છું.

ઘાટકોપર,
તા. ૧૪–૧૧–૩૧ શનિવાર.

માવજી દામજી શાહ.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રસંગે એટલુંજ ઉમેરવા પ્રેરણા થાય છે કે, પ્રથમ આવૃત્તિના પ્રકટન પછી આજ સુધીનાં સાત વર્ષોમાં આ વિષયમાં કંઇ પણ પ્રગતિ કરવાને બદલે આપણે કંઇક પાછળજ પડયા છીએ. આવા મહત્ત્વના વિષયનો જોઇએ તેવો ઉહાપોહ કે ચર્ચા થઇ નથી અને તેથી તેનું પરિણામ એજ આવ્યું છે કે, કેવળ ધામધૂમ-આડંબર અને બાહ્ય દેખાવ તરફજ નજર રાખી પોકળ કીર્તિ અને નામના મેળવવા ખાતર આપણા ધનિક આગેવાનોએ ઉદ્યાપન પાછળ લાખો રૂપૈયા ખર્ચી નાખેલ છે. આવાં ઉદ્યાપનોમાં ધાર્મિક પુસ્તકો પાછળ જે કંઇ ખર્ચ કરવામાં આવે છે તે બીજા ખર્ચનાં પ્રમાણમાં તદ્દન નહિ જેવાં જ કહી શકાય. મુખ્યપણે સાધ્ય વસ્તુને ગૌણ બનાવી દઇ સાધનો—અને તે પણ, દીર્ઘ દૃષ્ટિએ, કેવળ સમાજનીજ સંગીન પ્રગતિ સાધક નજરે વિચાર કરતાં આ જમાનામાં કંઇક શક પડતાં જણાતાં સાધનોને—જીક તથા મોતીથી ભરેલા છોડ, ચંદરવા, પુંઠીઆ, તોરણો વગેરેને હદ ઉપરાંત પ્રધાનપદ આપી દેવામાં આવેલ છે, અને આ બધી વસ્તુઓ વધારે આકર્ષક અને સુંદર દેખાડવા ખાતર ઇલેકટ્રીક લાઇટ પાછળ હજારો રૂપૈયા ખર્ચી નાંખવામાં આવે છે, આવા ભવ્ય દેદીપ્યમાન જલસા પ્રસંગે—શંભુ મેળાની ધમાલમાં, ઇલેકટ્રીક લાઇટ એકદમ બંધ પડી જતાં હજારો સુશીલ સ્ત્રીઓને પોતાની મર્યાદા જાળવવાનું ઘણું મુશ્કેલ થઇ પડે છે. અને કેવળ ધાર્મિક નિમિત્તે ઉજવાતો ઉદ્યાપન મહોત્સવ કંઇક અંશે અત્યાચારનો અખાડો થઇ પડે છે. આવા દુ:ખદ પ્રસંગોથી જૈનસમાજે હવે ધડો લેવાની જરૂર જણાય છે. ઘણા મોટાં શહેરોમાં ઉદ્યાપન મહોત્સવો આ રીતે ઉજવાય છે. ત્યારે બીજી બાજુ ચારેક

વર્ષ પૂર્વે પુનામાં ઉજવાયેલ ઉત્સવ તેમજ ગયા વર્ષમાંના અમદાવાદ ખાતેનાં જૈન સાહિત્ય પ્રદર્શનથી ઘણે અંશે જૈન પ્રજાને ગર્વ લેવાનું કારણ મળે છે એમ કહ્યા સિવાય રહી શકાતું નથી. સ્વ. લોકમાન્ય તિલક મહારાજે અને તેમના અનુયાયીઓએ શરૂ કરેલ તદ્દન નવીન ધોરણે ગણેશ ચતુર્થીના ઉત્સવો ઉજવવાની પ્રથા જે રીતે મહારાષ્ટ્રીય હિંદુસમાજમાં પગભર થઇ ગયેલ છે તે મુજબ આપણા જૈન સમાજે પણ હવે આ ઉદ્યાપન મહોત્સવોમાં જરૂર પૂરતો સુધારો તાકીદે કરી લેવાની જરૂર છે. અનુત્પાદક (Unproductive) ખર્ચો ઉપર હવે અંકુશ નહિ મૂકાય તો જૈન સમાજની આર્થિક સ્થિતિ અસાધ્ય દશાએ પહોંચી જવા સંભવ છે. સાંસારિક પ્રસંગો ઉપસ્થિત થતાં સાધન સંપન્ન ધનિક આગેવાનો ધામધૂમ પાછળ કેવળ દેખાદેખીથીજ ગમે તેટલો ખર્ચ કરે તે કંઇક અંશે ભલે ક્ષન્તવ્ય ગણાય; પરન્તુ ધાર્મિક ઉત્સવો પ્રસંગે તો કેવળ ઉત્પાદક નજરેજ-જમાનો ઓળખીનેજ-સમુદાયને સંગીન લાભ થાય તે રીતેજ ખર્ચ કરવાની જરૂર છે, અને ઉદ્દામ વિચારના જૈન સુધારકોને આવા ધામધૂમીયા ઉત્સવો સામે **બૉયકોટ**નું છેલ્લામાં છેલ્લું શસ્ત્ર ઉચકવાની ભલામણ કરવાનો પ્રસંગ આવે તે પહેલાંજ જૈન સમાજે જાગ્રત થવાની જરૂર છે.

સં. ૧૯૮૮ ના કાર્તક શુદ ૫ }
સાદરા—મહીકાંઠા }

ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની
બી. એ. એલ્. એલ્. બી. વકીલ.

વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ સોનીનાં ધર્મપત્ની

સ્વ. અ. સૌ. જડાવબાઈ.



જન્મ.	અવસાન.
સં. ૧૯૫૪ ફાગણ શુદ ૯ મંગળવાર.	સં. ૧૯૮૨ જેઠ શુદ ૨ શનિવાર.
ગોઘાબંદર.	સાદરા.

BLOCKS MADE & PRINTED AT FINE ART PROCESS WORKS. FORT · BOMBAY.

અર્પણ પત્રિકા

સ્વ. અ. સૌ. જડાવ બ્હેન

જો કે તમે ઉંચી કેળવણી લેવા પામ્યા ન્હોતાં છતાં તમારામાં ઉચ્ચ ગુણોએ તો જરૂર વાસ કર્યો હતો. વધુ શું કહું ? બ્હેન, તમે એ તમારા ઉચ્ચ ગુણોથી પિતૃપક્ષ અને શ્વસુર પક્ષ એમ ઉભય કુળ ઉજ્વળ કર્યાં હતાં એવા તમારા અનુકરણીય ગુણોના સંભારણા રૂપે તમે જીવનમાં આચરેલાં જ્ઞાન પંચમી તપનાં ઉદ્યાપનનું લઘુ પુસ્તક અર્પણ કરી કેટલેક અંશે કૃતાર્થ થાઉં છું.

ભાવનગર,	લી. તમારો બંધુ
સં ૧૯૯૮ જ્ઞાનપંચમી.	મણીલાલ

સ્વ. અ. સૌ. જડાવ બ્હેનનાં જીવનની

ટુંકી રૂપરેખા.

જ્ઞાનપંચમીનાં પવિત્ર તપથી પુનિત થયેલ સ્વ. અ. સૌ. જડાવ બ્હેનનો ફોટો આ પુસ્તકમાં જોવામાં આવે છે, તેમનાં જીવનની ટુંકી રૂપરેખા કેટલાક ઉત્તમ બોધપાઠો પૂરા પાડતી હોઇને અહિં રજુ કરવામાં આવે છે.

સ્વ. અ. સૌ. જડાવબાઇ ભાવનગરના અગ્રગણ્ય સ્વ. શેઠ પોપટલાલ નેમચંદ સંઘવીનાં પુત્રી હતાં, તેમનો જન્મ સંવત્ ૧૯૬૪ ફાગણ શુદ ૯ ને મંગળવારે ગોઘામાં થયો હતો.

ભાવનગરની દાજીરાજ કન્યાશાળાનાં નામે ઓળખાતી દરબારી શાળામાં સ્વ. જડાવ બ્હેને ગુજરાતી ધોરણ પાંચમાં સુધીનો અભ્યાસ કર્યો હતો, તેમનું ધાર્મિકજ્ઞાન પણ પંચપ્રતિક્રમણ સુધી હતું.

લગ્ન યોગ્ય વયે પહોંચતાં સ્વ૦ બ્હેન જડાવના લગ્ન, ગોઘા-નિવાસી પરંતુ ધંધાર્થે વર્ષોથી સાદરા--મહીકાંઠા ખાતે વસવાટ કરી રહેલા વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની સાથે થયા હતા. ત્યાર પછી સ્વ. બ્હેન જડાવ વધુ વખત સાદરા મુકામે રહ્યા હતા.

સ્વ૦ જડાવ બ્હેન સ્વભાવે સુશીલ તેમ જ મીલનસાર હોઇને કેળવાયલા પતિના પુણ્યસમાગમમાં રહેતા અને તેથી હરહમેશ પોતાનો કાળ, જૈન, જૈન ધર્મ પ્રકાશ અને આત્માનંદપ્રકાશ વગેરે ધાર્મિક અને નૈતિક વાંચનના વિનોદમાં વ્યતીત કરતા હતા.

તેમણે સિદ્ધાચળ, ગિરનાર, તાલધ્વજ, કેસરિઆજી, તારંગા, સંખેશ્વરજી, ભોયણીજી, પાનસર, માતર અને ઇડર વગેરે નાનાં મોટાં ઘણાં તીર્થોની યાત્રા કરવાનો પુણ્ય અવસર પ્રાપ્ત કર્યો હતો. એ ઉપરાંત તેઓએ ગુજરાત અને કાઠિઆવાડનાં અનેક નાનાં મોટાં શહેરો પાટણ, વડનગર, વિસનગર, માણસા, પેથાપુર, પ્રાંતીજ, ચાણસમા, ખેડા, કપડવંજ, નડિઆદ, વઢવાણ, ધ્રાંગધ્રા વગેરે જોયાં હતાં, ખાસ કરીને અમદાવાદ તેમજ મુંબઈ ખાતે મળેલી ઇંડિઅન નેશનલ કોંગ્રેસનાં અધિવેશનોમાં તેમજ તે પ્રસંગે કરવામાં આવેલાં પ્રદર્શનોમાં હાજરી આપી દેશનાં કાર્ય માટે પોતાનો સદ્દભાવ બતાવ્યો હતો.

સ્વ. અ. સૌ. જડાવ બ્હેન પોતાની જીવન-નૌકાને એ રીતે આગળ ધપાવતાં હતાં ત્યાં તો પોતાનાં જીવનનાં અઠ્ઠાવીસમાં વર્ષે પ્રસવ પછી દુર્દૈવ સખ્ત તાવ લાગુ પડતાં સં. ૧૯૮૨ ના જેઠ શુદ ૨ ને શનિવારે સાદરા મુકામેજ સ્વર્ગવાસી થયાં.

સ્વ. અ. સૌ. જડાવ બ્હેનનો આત્મા અખંડ શાંતિ પામો.

જ્ઞાનપંચમી તપની ઉદ્યાપન પદ્ધતિ.×

જ્ઞાન પંચમી તપની ઉત્પત્તિ વિષે અનુમાન.

જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ એ મહાન્ સૂત્રના અર્થ મુજબ પ્રાણી માત્ર જ્ઞાન અને ક્રિયાવડે કર્મથી મુક્ત થઈ શકે છે. મુક્તિરૂપ ઉચ્ચપદ પ્રાપ્ત કરવાને જે (જ્ઞાન અને ક્રિયારૂપ) ચક્રદ્રવ્યના એક ચક્રરૂપે ' જ્ઞાન ' શબ્દ યોજવામાં આવેલો છે તે સમ્યગ્ જ્ઞાન સૂચક ' જ્ઞાન શબ્દ ' છે, અને જે ' પંચમી તિથિ ' એ જ્ઞાનારાધન કરવાનું જ્ઞાની પુરૂષોએ ફરમાવ્યું છે તે પંચમી શબ્દથી પાંચમતિથિ સમજવાની છે.

જ્ઞાનપંચમીના આરાધનના સંબંધમાં જૈનસંપ્રદાયાન્તર્ગત **વરદત્ત** અને **ગુણમંજરીનું** કથાનક સુપ્રસિદ્ધ છે. જ્ઞાનપંચમીનું આરાધન એટલે જ્ઞાનનું પૂજન કરવું, જ્ઞાનનો ઉત્સવ કરવો, વાસ્તવિક રીતે વિચારી જોતાં જણાય

× સદહું નિબંધ જો કે ખાસ કરીને જ્ઞાનપંચમી તપની ઉદ્યાપન પદ્ધતિ વિષે લખવામાં આવ્યો હતો છતાં તેમાં ઉદ્યાપનપદ્ધતિ વિષે માત્ર વિચારો ન જણાવતાં તપ અને ઉદ્યાપન (એક બીજાને સંબંધ હોવાથી) બન્ને વિષે સ્વતંત્ર રીતે ઉહાપોહ કરેલો જોવામાં આવશે. લેખક.

છે કે “ જ્ઞાનપૂજા કિંવા જ્ઞાનોત્સવ એ આજકાલનું આપણું કર્ત્તવ્ય છે અને પ્રાચીન સમયમાં તે ન્હોતું ” એમ કંઈ નથી. ‘ જ્ઞાન ’ એ આત્માના અનેક ગુણોમાંનો અગ્રગણ્ય ગુણ હોવાથી તેની પૂજા અનાદિકાળથી કર્તવ્યરૂપે થતી આવે છે અને તે સ્વતઃસિદ્ધ હોવાથી અતઃપશ્ચાત્ પણ તેનું પૂજન-તેનો ઉત્સવ થતો જ રહેશે.

ચાર અનુયોગો પૈકી જનસમૂહને રૂચે અને પચે તેવો આપણો કથાનુયોગ ઘણો સુબોધક છે. જ્યારે જ્યારે સમાજનો મોટો ભાગ કથાનુયોગદ્વારા આત્મકલ્યાણ કરી શકે તેવું જ્ઞાની પુરૂષોને પ્રતીત થતું હોય, ત્યારે ત્યારે તે તે કાળના જ્ઞાની પુરૂષો વિવિધ પ્રકારનાં કથાનકોની યોજના કરે છે, કદાચ તે મુજબ જ્ઞાનપંચમીતપની કથાની યોજના પણ જ્ઞાનનું મહત્ત્વ વધારવાના વિશિષ્ટ હેતુથી કરવામાં આવી હશે એમ લેખક ધારે છે. આ પર્વની ઉત્પત્તિનો ચોક્કસ સમય કયો હોવો જોઇએ તે વિષે એવું અનુમાન કરી શકાય કે, હાલની માફક પ્રાચીન સમયમાં છાપખાના (Printing Press) ની સગવડ નહોતી આજે તો પુસ્તકની સેંકડો કે હજારો નકલો માત્ર એક બે અઠવાડીયામાં જ છપાવવા ધારી હોય તો તે પણ તૈયાર થઇ શકે છે. પણ પ્રાચીન સમયમાં આજના જેવી સગવડો નહોતી, લહીઆઓદ્વારા બધું જ્ઞાન લખવામાં આવતું, અને તે પણ ઘણી મુશ્કેલી ભોગવતાં બનતું હોવાથી તેમજ આઠ દશગણો કે પંદરગણો ખર્ચ કરવા છતાં તે છાપખાના જેવું સુંદર કે સ્વચ્છ તો થતું જ નહિ તેથી મોંઘા જ્ઞાનવાળા

સમયમાં પોથી, પુસ્તક કે પ્રત વગેરેની સંભાળ રાખવાનું અતિ આવશ્યક ગણાય ×તેવા મોંઘા કાળમાં તેની કિંમત પણ વધૂ આંકવામાં આવે, જીવનની જેમ તેનું સંરક્ષણ કરવામાં આવે, કિંવા પ્રાણુની માફક પ્રિય ગણુવામાં આવે તેમાં કશું આશ્ચર્યને સ્થાન નથી. આવા સંયોગોવાળા જમાનામાં આ પંચમીતિથિને એક પર્વરૂપે માનવાનું સંઘને ફરમાવ્યું હોત તો તે યોગ્ય જ છે. જ્ઞાનનું સંરક્ષણ તેમજ તેથી થતા ભવિષ્યના લાભો તરફ દૃષ્ટિ દોડાવી જ્ઞાનનું મહત્ત્વ વધારી પર્વરૂપે પાળવાનું સમાજને ફરમાવી આવી અપૂર્વ યોજના કરવાનો વિચાર આવ્યો હોય અને તેનો અમલ કરાવવાનો વિચાર પણ થયો હોય તો તો તેથી જૈનાચાર્યોની દીર્ઘદર્શિતાનુંજ ભાન થશે.

જ્ઞાનનાં આરાધન અર્થે અન્ય હેતુ તો એ હશે કે મુખ્યત્વે જ્ઞાનના પાંચ પ્રકાર છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન; આ પાંચ પ્રકારના જ્ઞાનમાં જ્ઞાનના સર્વ પ્રકારોનો સમાવેશ થઇ જતો હોવાથી છઠ્ઠો કે સાતમો પ્રકાર પાડવાનું ઉચિત જણાયું નહિ હોય. જ્ઞાનપંચમી પર્વની ઉત્પત્તિના અનુમાન વિષે

× "આજે છાપખાના વગેરે સાધનો વિદ્યમાન હોવાથી પુસ્તકોની લાખો નકલો છપાવી શકાય છે તેથી જ્ઞાનની સંભાળ રાખવાની જરૂર નથી." એવો કહેવાનો હેતુ નથી, સાધનો હોવાથી અને પુસ્તક મળી શકતાં હોવાથી તો હવા અને પાણીની માફક તેનો છૂટથી ઉપયોગ કરવો જોઈએ.

સંક્ષેપમાં ઉપર પ્રમાણે રેખા દોરવામાં આવેલી છે; તેથી વિચારક પુરૂષો પોતાની વિચારશક્તિનો ઉપયોગ કરી વધુ અનુમાન કરી વિશેષ નિર્ણયપર આવવા યત્ન કરે એ તો હરેક રીતે અભીષ્ટજ ગણાય.

જ્ઞાનપંચમી પર્વ પર્વ શી રીતે ઉ-જવાતું હતું? અને આજે શું છે?

આ પવિત્ર પર્વ પૂર્વે ઉત્તમ પ્રકારે અને હેતુપુરસ્સર ઉજવાતું હતું. જ્ઞાનારાધન કરવાની શુભ તકનો લાભ લેવાનું લોકો સમજતા હતા, જ્ઞાનપંચમી એટલે શું? તે દિવસ શી રીતે ઉજવવો જોઇએ? શું શું કરવું જોઈએ? જ્ઞાનારાધનની કઈ કઇ સામગ્રીઓ મેળવવી જોઈએ? એ વિષે બરાબર જાણતા હતા. જાણુતા હતા પ્રધાનપદ અધિ પરંતુ **आचारः प्रथमो धर्मः** એ સૂત્રને આવતી હતી. હાલમાં જ્યારે જ્ઞાનપંચમીનો માં ઉતારવામાં છે, ત્યારે પ્રાયઃ દરેક ઉપાશ્રયમાં જ્ઞાનનું પ્રદર્શન કરવામાં આવે છે—ચંદ્રવા, પુંઠીયા બંધાય છે, તેની નીચે સુંદર આસનો ગોઠવાય છે, તે પર પેટી–પટારા કે ભંડારમાં ઘણા વખતથી ગોંધી મૂકેલાં પુસ્તકો મૂકાય છે, જેવો તે દિવસ પસાર થાય એટલે જ્યાં હતા ત્યાં મૂકી દેવાય છે. આ રીતે જ્ઞાનપંચમીનો દિવસ ઉજવાય છે! જ્ઞાનપંચમીનું કિંવા જ્ઞાનારાધનનું અરે, જ્ઞાનોત્સવ (!) નું આ ચિત્ર જ્યારે હું જોઉં છું ત્યારે લોકોમાં કહેવાતી 'સાપ ગયા ને લીસોટા રહ્યા' વાળી કહેવત ખરેખર યાદ આવે છે. જે જ્ઞાનનું મહત્ત્વ પૂર્વે આચારમાં ઉતારી

આંકવામાં આવતું તેને બદલે બાર મહિનામાં તેને એક વખત પ્રદર્શનરૂપે કાઢી પુનઃ મૂકી દેવામાં મનાઇ રહ્યું છે. અહાહા ! આ સ્થિતિ કેટલી શોચનીય છે ?

જ્ઞાનપંચમીના દિવસે જ્ઞાનારાધન માટે સ્ત્રીઓ અને પુરૂષો શું કરે છે ? જ્યાં જ્ઞાનનું પ્રદર્શન કરવામાં આવ્યું હોય છે, ત્યાં જઈ થોડાંક કોરા કાગળ અને કાઠાં મૂકે છે, અને જ્ઞાનને નમન કરે છે. આમ કરીને જ્ઞાનની આરાધના કરી–માની સ્વસ્થાને સીધાવતાં હોય છે. પરંતુ જ્ઞાનનાં આરાધનાનો ખરો ઉદ્દેશ તે નથી, જ્ઞાનપૂજાનું ખરૂં રહસ્ય જાણવું જોઇએ, એટલું જ નહિ પણ જેમ બને તેમ જ્ઞાનનો પ્રચાર કરવો જોઈએ. **ज्ञानस्य फलं विरतिः** એ સૂત્રમાં કહ્યા મુજબ જ્ઞાનપૂજાનું ફળ વિરતિ યાને મનઃસંયમ કરતા આવડવો જોઇએ. જ્ઞાનપૂજા કરવા છતાં તેનું ફળ–વિરતિ ન થાય તો તેમાં કોઇક સ્થળે જરૂર ભૂલ થાય છે એમ [illegible] સુધારવા યત્ન કરવો જોઇએ.

પ્રાચીન સમ[illegible] [illegible] પુરૂષ વર્ગ કેટલેક અંશે મનોનિગ્રહવાન્ હતો તેનું કારણ જ્ઞાનપૂજાનું [illegible] વાસ્તવિક સ્વરૂપ સમજતો હતો. તેનામાં ગાડરીયાપ્રવાહ જેવું નહોતું, તેમ અંધશ્રદ્ધા પણ નહિ હતી તે થોડું બોલી કાર્યથી વધૂ આચારમાં મૂકતો હતો. આપણા પૂર્વજોના જ્ઞાનપૂજાપદ્ધતિના આ પાઠો સમજવાની અને શીખવાની જરૂર છે, શીખીને આચારમાં મૂકવાની તેથી વિશેષ જરૂર છે, અને તેના અનુભવનો લાભ જનસમાજને આપવાની તેથી પણ વિશેષ જરૂર છે.

જ્ઞાનપંચમીપર્વ ઉજવવાનું બદલવું જોઈતું ધોરણ.

જ્ઞાનપંચમીપર્વ જેવા પવિત્ર પર્વને ઉજવવા સરખો વિચાર આવવો એ પણ સુભાગ્ય યોગને લીધે જ સમજવું જોઈએ. જમાનો પલટાય છે અને તે જાગૃતિનો છે, ગાડરીયા પ્રવાહનો નથી, અંધ શ્રદ્ધાનો પણ નથી; પરંતુ હેતુ અને કારણ પુરસ્સરતાનો છે. હાલ ઘણો વખત થયા જ્ઞાનપંચમીપર્વ ઉજવવાનું જે ધોરણ ચાલ્યું આવે છે તે ધોરણમાં કશો સમયાનુકૂળ ફેરફાર જો કરવામાં ન આવે તો તેનું પરિણામ હાનિકારક જ આવશે. જ્ઞાન પૂજાનું ધોરણ સર્વ કાળ માટે કોઇ ચોક્કસ પ્રકારનું હોઈ શકે જ નહિ. **"જે કાળે, જે પ્રસંગે, જે રીતે જે કાળના સુવિહિત આચાર્યોને જ્ઞાનપૂજા કરવી ઉચિત જણાતી હોય તે કાળે, તે પ્રસંગે, તે રીતે, તેઓએ જ્ઞાનપૂજાનું ધોરણ ફેરવવું જોઈએ."** અર્થાત્ જ્ઞાનપંચમી ઉજવવાનું ધોરણ તે તે સમયના લાભાલાભ તરફ દૃષ્ટિપાત કરીને સ્થાપિત કરવું જોઇએ. ...ગુણના જ્ઞાનપૂજાનાં ધોરણ વિષે વધૂ નહિ લખતાં જ્ઞાનપંચમીનો દિવસ આવતાં તે શી રીતે ઉજવવો જોઇએ તે વિષે કંઈક કહેવું ઉચિત જણાય છે. જ્ઞાનપૂજા એ જો કે વસ્તુતઃ એક જ દિવસ માટે નથી, તે એક જ દિવસનું કર્તવ્ય નથી. વ્યવહારદૃષ્ટિએ જનસમૂહને ઉદ્દેશીને જ્ઞાનારાધનનો એક દિવસ નિયત કર્યો તે યોગ્ય જ કર્યું છે. પરંતુ જ્ઞાનપંચમી પર્વનું કે જ્ઞાનપૂજાનું રહસ્ય વર્ષના ત્રણસેં સાઠ દિવસ આપણાં હૃદયમાં રમી રહેવું જોઇએ.

જનસમૂહને અનુલક્ષીને જ્ઞાનપંચમીના દિવસે પ્રદર્શન રૂપે જ્ઞાનને ઉપાશ્રય વગેરે સ્થળે ગોઠવવાની પ્રણાલી પણ ચાલુ રાખવા સાથે જ્ઞાનપૂજાનો મુખ્ય મુદ્દો વિસરવો જોઇએ નહિ. જ્ઞાનપંચમીતપનાં ઉદ્યાપનના નિર્ણીત કરેવા દિવસે જ્ઞાનપૂજા અર્થે જે કંઈ દ્રવ્ય એકઠું થયું હોય અથવા ખર્ચવા ધાર્યું હોય તેનો ઉપયોગ પ્રાચીનાચાર્યો કૃત સંસ્કૃત, પ્રાકૃત કે ચાલુ ભાષાના સુંદર ગ્રંથો છપાવી પ્રકટ કરવા પાછળ કરવો જોઈએ.

કદાચ કોઈ પ્રશ્ન કરશે કે હાલની કેટલીક જૈન સંસ્થાઓએ એ કાર્ય ઉપાડેલું છે તેથી તે સંસ્થાઓ જ્ઞાન-પૂજા તો કરી રહી છે, તેમ છતાં જ્ઞાનપુજા કરવાનો ખાસ આગ્રહ કેમ કરી રહ્યા છો ? અલબત ! એ વાત સર્વ કોઇએ કબૂલ કરવી જોઇએ કે તે તે જૈન સસ્થા જ્ઞાનપૂજા તો કરી રહી છે; પરંતુ તે સ્વલ્પમાત્ર છે, જ્યારે વિદ્યુદ્વેગે વાહન ચલાવવાનું હોય ત્યારે રગસીયા ગાડાં પેઠે ચાલતું હોય એ કેમ પ્રશંસનીય ગણાય ? લેખક તો જ્ઞાનપંચમીના ઉદ્યાપનનું વર્તમાન ધોરણ જોઇને ત્યાં સુધી કહેવા તત્પર થાય છે કે એ તપનો વાસ્તવિક ઉદ્દેશ સફળ થતો નથી, અથવા વિવેકની ખાતર એમ કહી શકાય કે સેંકડે દશ ટકા સફળ થતો હશે. લેખક આ પ્રમાણે કહેવા તત્પર થાય છે તેથી તે વાત કદાચ કેટલાક જનોને અરૂચિકર જણાશે, પરંતુ તેઓ જરા ઉંડા ઉતરી તપાસ કરશે તો તેમને પણ જણાઈ આવશે કે લેખકનું કથન સત્ય છે. કારણ કે જૈનાચાર્યોએ રચેલાં સેંકડો યા હજારો ગ્રંથો આજે કેટલાય ભંડારોમાં સડે છે, ઉદ્ધઇનો ભોગ બને છે,

ધૂળધાણી થઇ જાય છે અરે ! હમેશને માટે તે તે ગ્રંથકર્તાનું નામ ભવિષ્યના જૈન ઇતિહાસમાંથી નાબૂદ થાય છે ! આ જમાનામાં જ્ઞાનપંચમીનો-જ્ઞાનપૂજાનો દિવસ ઉજવવા માટે વિશાળ પાયા પર જબરજસ્ત જ્ઞાનફંડો સ્થાપવાની જરૂર છે. તે ફંડોદ્વારા યોગ્ય સુધારા વધારા સાથે અમૂલ્ય ગ્રંથો સંશોધિત કરાવી છપાવી બહાર પાડવા જોઇએ. જ્ઞાનપૂજાનો ખરો ઉદ્દેશ તો આવો હોઈ શકે છે. જૈન ભંડારોમાં સડતાં-નષ્ટ થતાં જૈન પુસ્તકોનો ઉદ્ધાર કરવાનું બીડું જેમ બને તેમ વેળાસર ચોક્કસ યોજના કરી ઝડપવું જોઇએ.

જો આ સૂચનાનો અમલ કરવામાં ન આવે અને ચાલુ ધોરણ પર જ જ્ઞાનપંચમી ઉજવાતી રહેશે તો ઉંડાણમાં ઉતરનારને તો માલૂમ પડી આવ્યા વગર નહિ જ રહે કે તે વ્યવહારૂ (Practical) તો નથી જ. તેમાં બાહ્યાડંબર માત્ર સમાયલો છે તે અર્થસાધક નથી. જ્ઞાનનો કયો સાચો ઉપાસક આવો બાહ્યાડંબર પસંદ કરે ? કોઈ જ નહિં.

હાલનું જ્ઞાનપંચમી પર્વ ઉજવવાનું ધોરણ કેમ પસંદ કરવા યોગ્ય નથી ?

જ્ઞાનપંચમી પર્વનું ઉજમણું હાલ જે પદ્ધતિપૂર્વક કરવામાં આવે છે તે સમયાનુકૂળ તો નથી જ. એક સામાન્ય શિક્ષિત જૈન માતા કે પિતા જ્ઞાનપંચમીનો દિવસ આવે ત્યારે શું કરે છે ? તેઓ પ્રાતઃકાળે દેવમંદિરમાં કે ઉપાશ્રયમાં જઇને જ્ઞાનને વંદન કરે છે અને સાથે લઈ ગયેલ કાગળ અને કાંઠાને જ્ઞાન સમીપે

ભાવપૂર્વક મૂકે છે. પ્રસંગોપાત એટલું તો કબૂલ કરવું જોઇએ કે બાળકોને જ્ઞાનની મહત્તા તરફ આકર્ષવા આ ધોરણ જો કે એક રીતે ઠીક છે, તે છેક નિરૂપયોગી તો નથી જ. પરંતુ પચાસ કે સાઠ વર્ષની વચે પહોંચેલા જનો પણ તેજ ધોરણે પુજન કરે કહો કે કાગળ અને કાંઠાથી પૂજન કર્યું માને અને જ્ઞાનપૂજાનો મહત્ત્વભર્યો ઉદ્દેશ સમજવા યત્ન ન કરે તો સાઠ સાઠ વર્ષ પર્યંત કરેલ જ્ઞાનપૂજા શા કામની ? વાસ્તવિક રીતે તો જ્ઞાનપૂજા કરતી વેળાએ જ્ઞાનનું મહત્ત્વ સ્ફુરી રહેવું જોઇએ.

જ્ઞાનપૂજાનો ઉત્તરોત્તર ક્રમ એવો હોવો જોઇએ કે જ્ઞાનનાં દર્શન અને પૂજન કરતાં જ્ઞાનાભ્યાસ પ્રતિ વિશુદ્ધ પ્રેમ જાગૃત થવો જોઇએ. પ્રેમ ઉદ્ભવતાં જ્ઞાનના સંગ્રહ તરફ લક્ષ ખેંચાવું જોઇએ અને સગ્રહ તરફ લક્ષ ખેંચાયા પછી તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાની વૃત્તિ સ્ફુરવી જોઇએ અને અપ્રસિદ્ધ ગ્રંથો પ્રસિદ્ધ કરવા માટે પોતાનો બનતો ફાળો આપવો જોઇએ તેમજ દેશ, કાળ, ભાવ અને ક્ષેત્રને અનુલક્ષીને નવાં પુસ્તકો રચી-રચાવી-છપાવી-પ્રકટ કરી તેનો બહોળો પ્રચાર કરવો જોઇએ.

હાલની ઉદ્યાપન પદ્ધતિ ખાસ કરીને પસંદ કરવા લાયક નથી, તેનાં અનેક કારણો છે. સૌથી મોટું કારણ તો એ છે કે તેમાં પ્રગતિજ નથી તે છતાં તેને ચાલુ રહેવા દેવામાં આવે તો ભાવિ જૈન પ્રજા તો તેને બાહ્યાડંબર જ ગણશે. જ્ઞાનના પ્રચાર માટે પ્રયાસ ન કરતાં અમૂલ્ય ગ્રંથોનો વારસો તદ્દન નષ્ટપ્રાય સ્થિતિમાં રહેવા

હેવાથી બેદરકારી ઉત્પન્ન થાય છે, સમયાનુકૂળપણે નવીન પુસ્તકો તૈયાર ન કરાવતાં જ્ઞાનપંચમી આવે ત્યારે જ્ઞાનનું પ્રદર્શન માત્ર ભરી જ્ઞાન પ્રતિનો પૂજ્યભાવ જગતને બતાવવો એ એક પ્રકારનો બાહ્યાડંબર નહિ તો બીજું શું? ચાલુ પદ્ધતિમાં ફેરફાર ન થાય અને જેમ ચાલે છે તેમજ જો ચાલવા દેવામાં આવે તો આજના યુવકો (ભવિષ્યના શહેરીઓ) તેને ખરેખર હાસ્યની જ નજરે જોશે, વિશેષમાં તેઓ એવો અભિપ્રાય પણ બાંધવા પ્રેરાશે કે "જુઓ તો! અમારા પૂર્વજો કેવી નિર્માલ્ય અને અર્થશૂન્ય પદ્ધતિએ જ્ઞાનપૂજા કરતા! એક તરફ ભંડારોમાં સડતાં અમૂલ્ય પુસ્તકો તરફ બેદરકાર રહેતા અને જ્ઞાનપંચમીને દિવસે જ્ઞાનનું પ્રદર્શન કરી જ્ઞાનપૂજા કર્યાનું લોકોમાં કહેવડાવવા મથતા! ખરેખર! તેમનો આ અભિપ્રાય પરિણામે પૂર્વજો તરફ અણગમો ઉત્પન્ન કરાવનાર નીવડશે!"

કેટલાંક સ્થળોએ તો જ્ઞાન પ્રદર્શનની સાથે વિવિધ જાતનાં રમકડાંઓ પણ ગોઠવાય છે! કોઈ કહેશો કે જ્ઞાનપૂજાના પ્રસંગમાં રમકડાંઓની શી જરૂર છે? ખરેખર! આ વીસમી સદીમાં તો એ નિર્માલ્યવત પદ્ધતિમાં ફેરફાર થાય અને જમાનાનુસાર સુધારો કરાય તો જ વાસ્તવિક જ્ઞાનપૂજાનું ફળ પ્રાપ્ત થાય. આ કથનથી એવો અર્થ કોઈએ કાઢવા પરિશ્રમ ન લેવો કે આથી "જ્ઞાનપંચમીનો દિવસ તેમજ જ્ઞાનપૂજાનો ઉદ્દેશ નાબૂદ થાય." તેવો લેખક પોતાનો આશય પ્રકટ કરે છે.

હાલની જ્ઞાનપૂજાની પદ્ધતિએ સ્ત્રીઓનાં કે પુરૂષોનાં

જીવનમાં શી નવીનતા આણી? કશીજ નહિ. દર વર્ષે જ્ઞાનપંચમી આવે કે તુરત કાગળ અને કાઠાં લઈ તેઓ ઉપાશ્રય કે દેવાલયમાં જ્ઞાન પાસે પહોંચે અને તે બન્ને વસ્તુ જ્ઞાન સમીપે મૂકે. પરંતુ તેથી શું? વ્યવહારૂ દૃષ્ટિએ તેમનાં જીવન કેટલાં ઉચ્ચ બન્યાં? કેટલી કેળવણી તેમનામાં ફેલાવા પામી? કેટલા ટકા તેમને જ્ઞાન મળ્યું? જરા નજર તો કરી જુઓ! જન સ્ત્રી કેળવણીનું પ્રમાણ કેટલું હાસ્યજનક છે? કેટલું નીચું જોવડાવનારૂં છે? અરે! કેટલું શરમાવનારૂં છે? તે તરફ નજર કરતાં હૃદય ચીરાઇ જાય છે. આ સ્થિતિ શા માટે? એ પ્રશ્ન અત્ર ઉપસ્થિત થવો સંભવે છે. તેનું કારણ શોધવા દૂર જવાની જરૂર પડે તેમ નથી. તેને માટે તો જ્ઞાનપૂજાની વર્તમાન ખામી ભરેલી પદ્ધતિજ જવાબદાર છે. નવા યુગની જ્ઞાનપૂજા સ્ત્રીઓએ કે પુરૂષોએ કાગળ અને કાઠાં જ્ઞાનને ચડાવવા માત્રમાં સમાયલી નથી, પણ વ્યવહારૂ ધોરણે જ્ઞાનનો પ્રચાર કરવામાં સમાયલી છે. જે જ્ઞાનથી સંસાર સ્વર્ગમય બનાવી શકાય, જે જ્ઞાનથી અહલૌકિક તેમજ પારલૌકિક આશયો સાધી શકાય, તેમજ જે જ્ઞાન, લાભમાં-અલાભમાં, સુખમાં દુઃખમાં, જયમાં-પરાજયમાં ઇત્યાદિ [illegible] સમતોલવ[illegible] [illegible]વામાં સહાય કરતું હોય તેજ વાસ્તવિક જ્ઞાન છે.

સ્ત્રીઓ ઘરમાં પતિ સાથે ક્લેશ કંકાસ કરીને, ન્હાનાં બાળકોને રખડતાં-રઝળતાં મૂકીને નવીનાંબરો ધારણ કરીને જ્ઞાનપંચમીને દિવસે જ્ઞાન પાસે જઇ જ્ઞાનપૂજા

કરવા ઉતાવળી-અધીરી થઇ રહે એ શું વાસ્તવિક જ્ઞાનપૂજા છે? નહિ, નહિ! એ અજ્ઞાન મૂલક પ્રથા છે. બાહ્ય આડંબર માત્ર છે. જ્ઞાનપૂજાનું ખરૂં રહસ્ય તો તદ્દન જુદુંજ છે. જ્ઞાનપૂજાની અજ્ઞાનતાભરી વર્તમાન પદ્ધતિમાં ફેરફાર કરી તેને જ્ઞાનમૂલક બનાવવી ઘટે છે. તેમાં સંગીન સુધારો કરવો જરૂરનો છે. આપણા શિરસાવંદ્ય ગણાતા મુનિવરોએ આ વીસમી સદીમાં જ્ઞાનપૂજાનાં ખરા તંત્ર તરફ સમાજને વાળવો જોઇએ છે. આપણા વિદ્વાન્ સુધારકોએ જ્ઞાન પૂજાનું સમયાનુકૂળ ધોરણ સ્વીકારી જૈન સમાજ પ્રતિની પોતાની ફરજ સમજવાની શુભ તક હાથ ધરવી જોઇએ. આ નવયુગમાં જાગૃત થઇ તેઓ જો હાલની જ્ઞાન પૂજાપદ્ધતિના સંબંધમાં વાસ્તવિક પગલાં લેશે નહિ તો લેખકને ભય રહે છે કે તેમનાં માન, પ્રતિષ્ઠા અને યશ આજ પર્યંત જળવાઇ રહ્યાં છે તે હમેશને માટે ટકી રહેશે કે કેમ? તેઓએ આ પ્રશ્ન જરા વિચારી જોવો ઘટે છે.

હાલમાં આપણા દેશની હાઇસ્કૂલો અને કૉલેજોમાં અપાતાં શિક્ષણની પદ્ધતિ ફેરવવાની પ્રબળ હીલચાલ ચાલી રહી છે. વસ્તુતઃ ચાલુ શિક્ષણ પદ્ધતિ સૈંકડો વર્ષોની જુની [illegible] એમ કહેવામાં જરાય ખોટું નથી કે તેમાં સમયાનુકૂળ ફેરફાર જા [illegible] આવે તો દેશનું ભાવિ કંઇ બીજુંજ હોય. કદાચ એવો પ્રશ્ન કરવામાં આવ[illegible] તે શિક્ષણ પદ્ધતિ તો રાજ્યાશ્રિત હોઇ ફેરવી શકાયજ નહિ, તો તેના ઉત્તરમાં કહી શકાય કે નૅશનલ હાઇસ્કુલો અને નૅશનલ કૉલેજો સ્થાપો, અને તેને ચલાવો, કોનો મગદૂર છે કે તે ચલાવતાં તમને અટકાવી શકે? તેજ

પ્રમાણે જ્ઞાનપંચમી તપના ઉદ્યાપનની વાત રાજ્યાશ્રિત નથી તે તો જૈનોની ગૃહાશ્રિત વાત છે. પરિણામે જે પદ્ધતિ અર્થસાધક જણાતી ન હોય, જે સમયાનુકૂળ પણ ન હોય તેને વળગી રહેવાનો અર્થ શો ? આ રીતે જૂની પ્રથામાં સમાયલી અર્થશૂન્યતાજ તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા પૂરવાર કરી આપે છે.

જ્ઞાનપંચમીનાં ઉદ્યાપનનો પ્રકારાન્તર.

આ પવિત્ર પર્વ નિમિત્તે કેટલાક જૈન સ્ત્રી-પુરૂષો દરેક માસની શુકલપંચમીએ ઉપવાસ કરે છે. જ્ઞાનના આરાધન માટે પૂર્વોક્ત ક્રિયા પણ કરાવે છે. એ પ્રમાણે પાંચ વર્ષ અને પાંચ માસ પર્યંત તપ કર્યા પછી શક્તિ અનુસાર તેનું ઉદ્યાપન કરે છે. આ પ્રસંગે શ્રીમંત ગૃહસ્થો ઉદ્યાપન નિમિત્તે કેટલીક વસ્તુઓ શક્તિ અનુસાર અમૂક અમૂક સંખ્યામાં મૂકે છે, ઘણી વખત એવું પણ બને છે કે અમૂક દેવાલયમાં કે ઉપાશ્રયમાં સંખ્યાબંધ તે વસ્તુઓ વિદ્યમાન હોય છતાં તેમાં નિરર્થક વધારો જ કરાતો હોય છે. ચોક્કસ પરિસ્થિતિને ઉદ્દેશીને કરવામાં આવેલી શાસ્ત્રાજ્ઞાને પરિસ્થિતિના પરિવર્તન પછી પણ વળગી રહેવામાં શું ડહાપણ સમાયેલું છે તેનો વિચાર કરવાની હવે તો ખાસ જરૂર જણાય છે.

જૈન ભંડારોમાં સડતાં પ્રાચીન સાહિત્ય તરફ દૃષ્ટિ સરખીએ નહિ કરતાં અને ઉપર જણાવ્યા મુજબ ઉદ્યાપન નિમિત્તે ખર્ચવા ધારેલી રકમ ચોક્કસ વસ્તુઓ પાછળ

જ ખર્ચી નાંખવી એ તો તદ્દન અવિવેકભર્યું જ ભાસે છે. આ સ્થિતિ જોઇને કોઇપણ સુવિચારક જૈનનું હૃદય ખિન્ન થયા વગર રહેશે નહિ, છતાં જ્ઞાનપંચમીનું વાસ્તવિક ઉદ્યાપન કરવા ઈચ્છનાર માટે એક બીજો પ્રકાર પણ અસ્તિત્વ ધરાવે છે અને તે એ છે કે ઉદ્યાપન નિમિત્તે ખર્ચવા ધારેલી રકમ "જૈન જ્ઞાનોદ્ધારક ફંડ*" જેવી સંસ્થા સ્થાપીને તેમાં આપવી જોઇએ.

ઉપર જણાવવામાં આવેલી સંસ્થાને પોતાની રકમ આપવાનો ઈરાદો કદાચ ન હોય તેવા જનો પોતે સંસ્કૃત, કે પ્રાકૃત ભાષાના પુસ્તકો તૈયાર કરી–કરાવી છપાવી શકે છે. જ્ઞાનપંચમીના ઉદ્યાપન નિમિત્તે ખર્ચવા ધારેલી રકમથી જે પુણ્ય તેઓ ઈચ્છતા હોય તે ઉપર પ્રમાણે કરવાથી તેમને જરૂર મળી શકે.

એટલું હમેશાં લક્ષમાં રાખવું જોઇએ કે એક કાળે અને એક રીતે જે કાર્ય કરવું ઉચિત જણાયું હોય તે બીજા કાળમાં અને બીજી રીતે કરવું ઉચિત ન પણ હોઇ શકે. દરેક જૈન સ્ત્રી કે પુરૂષ આ મુદ્દો જો વિસરી ન જાય તો તેમની સ્થિતિમાં સુધારો થવો કેટલો દૂર છે? લગાર પણ નહીં.

*આ નામની સંસ્થા જો કે હયાતી ધરાવતી નથી; પરંતુ ભારતના સમસ્ત જૈન સંપ્રદાયોના બળથી આવું ફંડ સ્થપાય અને દરેક શહેરમાં અને ગામમાં તેની શાખા (Branches) સ્થપાય એ ઇચ્છવા યોગ્ય છે, આ સંસ્થાનો ઉદ્દેશ જૈનોના પ્રાચીન–અર્વાચીન પુસ્તકોનું સંશોધન કરાવી છપાવી બહાર પાડવાનો હોવો જોઇએ. લેખક.

જ્ઞાનપંચમી તપનાં ઉદ્યાપન નિમિત્તે જે જે રકમ આવે તે તે સર્વને એકત્ર કરવી જોઈએ.

ઉદ્યાપન નિમિત્તે ખર્ચવા ધારેલી રકમથી કરવા યોગ્ય બીજાં કાર્યો.

તે રકમથી કેટલાંક ઉત્તમ પુસ્તકો તૈયાર કરાવી છપાવવાં જોઇએ. ખાસ કરીને તે પુસ્તકો કૉલેજોમાં તેમજ હાઇસ્કુલોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડે તેવી પદ્ધતિએ તૈયાર કરાવવાં જોઈએ. આજકાલ ધાર્મિક અને નૈતિક કેળવણીના અભાવે વિદ્યાર્થીઓ ઉન્મત બની જાય છે અને પરિણામે પોતાના સમાગમમાં આવનાર વર્ગને પણ તેવા બનાવે છે, તેમની તથા તેમના સમાગમમાં આવનારની એવી દશા ન થવા પામે તે સારૂ જૈનધર્મ સાથે સંબંધ ધરાવતા ઇતિહાસ, ભૂગોળ, જ્યોતિષ, તત્ત્વજ્ઞાન તેમજ વિજ્ઞાન વિષયની ઉત્તમ શ્રેણિઓ તૈયાર કરાવી બહાર પાડવી જરૂરની છે.

ઉક્ત શ્રેણિઓની યોજના સંકુચિતપણે ન હોવી જોઇએ; પરંતુ તે ઉદાર ભાવથી તેમજ વિશાળ દૃષ્ટિથી વિવિધ જૈન વિષયોના પક્ષપાત વગરના ઉહાપોહ સહિત પ્રકટ થવી જોઇએ. તે દરેકના પાંચ, દશ કે પંદર ભાગ થાય તેનો વિચાર કરવાની જરૂર નથી. મતલબ એવી છે કે જૈન સમાજની અંગીભૂત સમસ્ત હકીકતનો તેમાં સમાવેશ થવો જોઇએ. આવી શ્રેણિઓ બહાર પાડવામાં આવતાં આજે જૈન કે જૈનેતર સ્કૉલરોને અસ્તવ્યસ્ત કે ક્રમવિનાના જે જૈનગ્રંથો ઘણા સમયના ભોગે વાંચવા પડે છે

તે વાંચવા ન પડે અને અલ્પ સમયમાં ઘણું કાર્ય સાધી શકાય.

આ સિવાય રાત્રે ચાલતી બાળકોની જૈન શાળાઓ માટે અને સવારમાં કે બપોરે ચાલતી શ્રાવિકાશાળા કે કન્યાશાળાઓ માટે પણ બાળકોનાં કે બાલિકાઓનાં જીવનના વિકાસમાં સર્વથા અનુકૂળ થઈ પડે તેવો અભ્યાસક્રમ તૈયાર કરાવી સર્વ મતભેદોને તિલાંજલિ આપી દઈને તેને જ ચલાવવાની તજવીજ કરવી જોઈએ.

આપણા ધાર્મિક સાહિત્યનો મોટો ભાગ આપણી ધર્મભાષા તરીકે ગણાતી પ્રાકૃતભાષામાં છે. ભગવાન્ મહાવીરનાં નિર્વાણને શુમારે અઢી હજાર વર્ષ થવા આવ્યા છતાં આજ પર્યંત તેનો ઉપયોગ સારા પ્રમાણમાં નહિ કરેલો હોવાથી તે અણખેડાયેલીજ રહેવા પામી છે, જૈનધર્મ પ્રતિ કે પ્રાચીન ગુજરાતી ભાષા પ્રતિ જેમને યત્કિંચિત્ પણ માન હોય તેમણે આ ભાષાથી વાકેફ રહેવું જોઈએ.

આ ભાષાને+ યુનિવર્સિટીમાં દાખલ કરાવી બીજી ભાષા (Second Language) તરીકે સ્થાન અપાવવા કોશીષ કરવી જોઈએ. સંસ્કૃત અને પ્રાકૃતભાષાના સારા વિદ્વાનો પાસે યુનિવર્સિટીને લગતું જૈન સાહિત્ય સમયાનુકૂળરીતે નવી પદ્ધતિએ તૈયાર કરાવવું જોઈએ જેથી વિદ્યા-

+સુપ્રસિદ્ધ ડૉ. ભાંડારકરે ઇ. સ. ૧૯૧૮ ના જાન્યુઆરીની ૨૪ મી તારીખે મુંબઇની યુનિવર્સિટીની સેનેટમાં અર્ધમાગધી ભાષા દાખલ કરવાનો પ્રસ્તાવ રજુ કર્યો હતો, તે સુધારા વધારા સાથે પસાર કરવામાં આવ્યો છે. લેખક.

ર્થીઓની વૃત્તિ સાહિત્ય તૈયાર હોવાથી તે શીખવા તરફ સહજ રીતે આકર્ષાય.

પ્રાકૃતભાષાનો એક મહાન્ શબ્દકોષ પણ નથી એ તૈયાર કરાવવાની સૌથી પ્રથમ જરૂર છે, તે કાર્ય પાર પડતાં એક અગત્યનું કાર્ય પાર પડ્યું ગણાય.×

જ્ઞાનપંચમીનું ઉદ્યાપન કરવા ઈચ્છતા શ્રીમાનોએ સર્વ સૂચનાઓ લક્ષમાં લેવી ઘટે છે, લેખક એક વાતનો નિર્ણય વાચકોના શિરપરજ મૂકવા લાગે છે અને તે એ છે કે જૂની પદ્ધતિએ ઉદ્યાપન કરવું કે નવી પદ્ધતિએ કરવું તેનો જમા–ઉધાર તેમણે પોતેજ કાઢી જોવો. અર્થાત જૂની પદ્ધતિએ કરવાથી વધૂ લાભ જણાય છે કે નવી પદ્ધતિએ જણાય છે તે તપાસી તે બેમાંથી જે કર્તવ્ય જણાતું હોય તેજ સ્વીકારવા સૂચના કરે છે.

ઉપસંહાર.

લેખકે સઘળું નિબંધમાં જ્ઞાનપંચમી પર્વની ઉદ્યાપન ઉદ્ધતિ વિષે જે વિચારો પોતાના અનુભવ મુજબ લેશ પણ સંકોચ કે ભય ધર્યા વગર રજૂ કરવા હિંમત કરેલ

×જૈન જૈનેતર વિદ્દવર્ગ જાણી ખુશી થશે કે કલકત્તા યુનિવર્સિટીના પ્રાકૃત ભાષાના વ્યાખ્યાતા ન્યાય–વ્યાકરણતીર્થ પંડિત હરગોવિંદદાસ ત્રિકમલાલે લગભગ પંચોતેર હજાર પ્રાકૃત શબ્દોનો એક મહાન્ શબ્દકોષ તૈયાર કરેલો છે અને તેના ચારે ભાગો છપાઈ બહાર પડી ચૂક્યા છે.

પ્રાકૃત શબ્દકોષ રચવાનો મહાન્ પ્રયાસ શતાવધાની પંડિત શ્રી રત્નચંદ્રજી સ્વામીએ પણ કર્યો છે અને તેનો તે વિભાગ પણ પ્રકટ થઈ ચૂકેલ છે. લેખક.

છે, તે સર્વ વિચારો આ વીસમી સદીનાં અપ્રસિદ્ધ જૈન-જ્ઞાન-સાહિત્યની દશા નિહાળનારાઓને તો સત્ય જણાયા વિના રહેશે નહિ, છતાં લેખક એમ કહેવા માગે છે કે તે તેમને સત્ય જણાતા હોય યા ન હોય; પરન્તુ વિચારના પરિણામે જે સત્ય બિના લક્ષમાં આવવા પામી છે તે સમાજને જણાવવાનો ફક્ત આ યત્ન છે.

એમ છતાં શ્રદ્ધાળુ (!) અને જૂના જમાનામાં જ માન સમજનારા મહાજનને આ ઉદાર, યુક્તિસંગત અને વિશાળ વિચારો કદાચ કર્ણકટુ પણ થાય કિંવા અપ્રિય અને અયોગ્ય પણ જણાય તેમાં પણ લેખક કશું અનુચિત ધારતો નથી, છતાં એટલું તો ભાર દઇને જણાવી દેવું જોઇએ જ કે જ્ઞાનપૂજાની વર્તમાન પદ્ધતિમાં જે અરસિકતા આવવા પામી છે તેને દૂર ખસેડીને તેમાં નવું બળ, નવી ભાવના અને નવું ચૈતન્ય આણવું જોઇએ છે, તેના વિના સાહિત્યનો ઉદ્ધાર થનાર નથી એ નિઃસંશય વાત છે.

આમ છતાં જ્ઞાનપંચમી તપની ઉદ્યાપન પદ્ધતિમાં લેશ પણ પરિવર્તન કરવામાં નહિ આવે તો તેનું પરિણામ અનિષ્ટકારકજ આવવું સંભવે છે. '**जैनं जयति शासनम्**' નો હરહમેશ ઘોષ કરનારા જન સ્ત્રી-પુરૂષો ભલે એમ માનતા હોય કે અમારૂં જૈન શાસન જયવંતુ વર્તે છે. પરંતુ શાસન એટલે શું? એટલું પણ તેઓ વિચારશે ખરા! શાસન એટલે સમ્યગ્ જ્ઞાન એ સમ્યગ્ જ્ઞાનનો ઉદ્ધાર આજે નહિ કરી શકાયો હોવાથીજ સમાજ કઢંગી દશામાં-જડતામાં સપડાઈ રહ્યો છે. વ્યાપાર-ઉદ્યોગમાં કે કળા-

કૌશલ્યમાં પણ તેની દયામણી દશા જ દેખાય છે. આ દુર્દશામાંથી જૈનોને બહાર લાવવા માટે જો કોઈ સર્વોત્તમ માર્ગ હોય તો તે શાસન–સમ્યગ જ્ઞાન જ છે. તેનો ઉદ્ધાર કરવામાં લગાર પણ પાછા ન હઠો, સમાજના ઉદય માટે જે સત્ય અને સ્વતંત્ર વિચારો સ્ફુરતા હોય તે નિડરપણે વ્યક્ત કરો, જો એમ કરશો તો તેમાં તમારો અને સમાજનો ઉદય સમાયલો છે એ નિશ્ચય માનશો.

જ્ઞાનપંચમીનાં ઉદ્યાપનનો વાસ્તવિક માર્ગ બહાર લાવો. જ્યાંસુધી આ બાબતમાં નવીન પદ્ધતિનો આદર થયો નથી અને વિદ્યદ્રેગે તેનો લાભ લેવાનું પણ ઉચિત સમજાયું નથી ત્યાં સુધી સમાજની નિકૃષ્ટ દશા રહેવાની જ.

જો આ દશા દૂર ઇચ્છતા હો તો જૈન પુસ્તક ભંડારોમાં સડતાં સાહિત્ય તરફ નજર કરો, તેને બહાર લાવો અને તપાસો, તેનું સંશોધન કરાવી છપાવો અને તેનો છુટથી પ્રચાર કરો. જો આ સૂચનાનો અમલ નહિ થાય તો પરિણામે સાહિત્યનો અમૂલ્ય વારસો નષ્ટ થશે અને આખરે પચીશ–પચાશ વર્ષમાં તો સર્વ ગુમાવી બેસવું પડશે.

આ સ્થિતિએ ન મૂકાવાનું બને તે માટે જ્ઞાનપંચમી ઉદ્યાપનનો સત્ય અને સમયાનુકૂળ માર્ગ જણાયો છે તે અહિં રજૂ કરવામાં આવ્યો છે. તદનુસાર તેનો અમલ કરવાનો સદ્વિચાર વીરપરમાત્મા જૈન સમાજના સ્તંભીભુત શ્રી સંઘને અર્પો.

સમાપ્ત.

માવજી દામજી શાહ કૃત

પુસ્તકો.

—×—

		રૂ. આ. પા.
૧	કુમારિકાધર્મ	૦—૪—૦
૨	કુમારિકાને પત્રો	૦—૪—૦
૩	જીવનચર્યા	૦—૪—૦
૪	જ્ઞાનપત્રમા	૦—૩—૦
૫	લગ્નરહસ્ય	૦—૪—૦
૬	કાવ્યપ્રવેશ	૦—૪—૦
૭	નારીધર્મ	૦—૩—૦
૮	નીતિ પ્રવેશ	૦—૩—૦
૯	કુમારધર્મ	૦—૩—૦
૧૦	સ્ત્રીજીવન	૦—૩—૦
૧૧	આદર્શકુમારિકા	૦—૩—૦
૧૨	આદર્શકુમાર	૦—૨—૦
૧૩	ધર્મપત્ની	૦—૨—૦
૧૪	વચનામૃતો	૦—૧—૦
૧૫	સ્ત્રીઓના ધર્મો	ફ્રી
૧૬	સિન્દૂરપ્રકરણ	..

લખો : **માવજી દામજી શાહ,**

ઘાટકોપર.